રજીસ્ટર્ડ તારીખઃ ૧૦–૧૧–૨૦૧૬
જજમેન્ટ તારીખઃ ૨૩–૦૨–૨૦૧૭
સમયગાળોઃ વર્ષ માસ દિવસ
૦૦ ૦૩ ૧૩

**IN THE 2nd ADDITIONAL CIVIL & J . M. F. C. COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 142 OF 2016.**

**Plaintiff :**

1. ભુપતભાઈ હરીભાઈ કાળુભાઈ ગઢવી,
રહે. કોરા, તા. જંબુસર, જી. ભરુચ.

**VERSUS**

**Defendant :**

1. મસ્તુભાઈ રહીમભાઈ મલેક,
રહે. કોરા, તા. જંબુસર, જી. ભરુચ.

2. ઈસ્માઈલ રહીમ મલેક,
રહે. કોરા, તા. જંબુસર, જી. ભરુચ.

3. અબ્બાસ રહીમ મલેક,
રહે. કોરા, તા. જંબુસર, જી. ભરુચ.

4. ઈમ્તીયાઝ મસ્તુ મલેક,
રહે. કોરા, તા. જંબુસર, જી. ભરુચ.

Appearance:
L. A. MR. G.S. PATEL For Plaintiff.
L. A. MR. J. A.MISTRI For Defendants.

---

**: આંક–૫ નીચે હુકમ :**

(૧) આ કામના વાદીની આંક–પની અરજીની હકીકત ટૂંકમાં એવી છે કે, મોજે ગામ કોરા, તા.

જંબુસર, જી. ભરુચની વસ્તી મધ્યે આવેલ મિલ્કત પ્રોપર્ટી નં. ૬૭નું ખુલ્લું ગભાણ કે જેની ચતુરદિશા નીચે મુજબ છે.

પૂર્વે : વાદીનો વાડો આવેલ છે,

પશ્ચિમેઃ પ્રતિવાદીના ઘરની દીવાલ આવેલ છે,

ઉત્તરે : રસ્તો મુકી વાદીનું ઘર આવેલ છે,

દક્ષિણેઃ વાદીનું ગભાણ આવેલ છે.

પેરા–૧માં જણાવેલ ગભાણના માલીક તથા કબજેદાર વાદી છે, સદર ગભાણ વાદીના પિતા હરીભાઈ કાલુભાઈના નામે ચાલે છે, તેઓ અવસાન પામેલા છે, વાદીએ વારસાઈ કાવેલ નથી, પરંતુ તેઓના અવસાન બાદ વાદી તેના માલિક તથા કબજેદાર બનેલા છે, સદર કામના પ્રતિવાદીઓએ વાદી સારી રીતે ઓળખે છે, સદર ગભાણમાં વાદી લાકડા તથા ખેતીના સાધનો રાખે છે અનેસદર ગભાણની જોડે અડીને દક્ષિણ દિશામાં વાદીનું બીજું ગભાણ ૬૬ નંબરથી આવેલું છે, સદર ગભાણોમાં વાદીના બે ભાઈઓનો પણ સંયુકત કજો ભોગવટો આવેલો છે, તા. ૬–૧૧–૧૬ના રોજ દિવાળી હોવાથી વાદી તથા તેમના ભાઈઓ બહારગામ ગયેલા અને આ કામના પ્રતિવાદીઓ જે એક જ કુટુંબના હોય, પ્ર તિવાદીઓએ ગેરકાયદેસર રીતે વાદીના ગભાણ નં. ૬૭માં પ્રવેશ કરી એક કાચું અડાળું બનાવી દીધેલ છે, વાદીએ પ્રતિવાદીઓને સદર ગભાણ ખુલ્લું કરી નાંખવા જણાવતાં, પ્રતિવાદીઓએ ધમકી આપેલી કે, તમારાથી થાય તે કરી લો અને ગભાણમાં પાકું અડાળું બનાવી દઈશું, જો પ્રતિવાદીઓ તેમની બુરી નેમમાં ફાવી જાય તો વાદીને એવું અનિવાર્ય નુકશાન થવાનો સંભવ છે કે જેનો બદલો પૈસામાં મળી શકે તેમ નથી, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે, જેથી પ્રતિવાદી જાતે કે તેના માણસો મારફતે વાદીના ગભાણમાં પ્રવેશ કરે–કરાવે નહીં તેવો દરમ્યાન મનાઈહુકમ મેળવવા માટે વાદીએ હાલની અરજી આપેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીઓને નોટીસ બજતાં, પ્રતિવાદીએ હાજર જઈ વાદીની દરમ્યાન મનાઈ અરજી વિરુધ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૧૦થી રજુ કરી જણાવેલ છે કે, વાદીની દરમ્યાન મનાઈ

અરજીના પેરા–૧માં જણાવેલ મિલ્કત સબંધી કોઈ તકરાર નથી, પરંતુ વાદીની દરમ્યાન મનાઈ અરજીના પેરા–૨, ૩ની હકીકત તેઓને કબુલ મંજુર નથી તેમજ પેરા–૪ની હકીકતો પણ ખોટી હોય તેઓને કબુલ મંજુર નથી. વધુમાં પ્રતિવાદીઓ સાચી હકીકત જણાવતાં જણાવે છે કે, આ કામે વાદીએ જે દરમ્યાન મનાઈહુકમની દાદ માંગેલી છે તે દાદ અને આંક–૧ની દાદ એક સરખી છે, જો આંક–૫ની અરજી મંજુર કરવામાં આવે તો દાવાનો આખરી નિર્ણય થઈ જાય તેમ છે, વાદી પેરા–૧માં મિલ્કત નં. ૬૭ની નકલ રજુ કરેલ છે, જેમાં વાદીના પિતા માલીક છે, ખરેખર હરીભાઈ ગુજરી ગયેલા હોય તો વાદીએ વારસાઈ કરાવવી જોઈએ, મિલ્કત નં. ૭૧ના પ્રતિવાદીઓ માલીક અને કબજેદાર છે અને વાદી જણાવે છે તે કાચું અડાળું તેઓની મિલ્કતમાં છે, તેઓએ વાદીની કોઈ મિલ્કતમાં ગેરકાયદેસર કાચું અડાળું બનાવેલ નથી, આકારણીની નકલમા વાદીની મિલ્કતની કેટલી લંબાઈ અને પહોળાઈ છે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી, જેથી વાદીએ માંગેલ દાદ મંજુર થઈ શકે તેમ નથી, વાદીએ કોર્ટ કમીશ્નરશ્રી ધ્વારા પંચનામું તથા નકશો તૈયાર કરાવેલ છે, તે જોતાં વાદીની કોઈ માલીકીમાં આ અડાળું બનાવેલ હોય તેવો કોઈ રેકર્ડ પર કોઈ પુરાવો નથી કે વાદીની મિલ્કતને નુકશાન થાય તેવોકોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદીઓએ વાદીની આંક–૫ની દરમ્યાન મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા અને દરેક પ્રતિવાદીને રૂા. ૫૦૦૦/– કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે વાદીઓ તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૧) નિ. ૩/૧થી મોજે કોરા, તા. જંબુસરમાં આવેલ મિ.પ્રો.નં. ૬૬ના આકારણીપત્રકની નકલ.

(૪) આ કામે પ્રતિવાદી તરફે આંક–૧૧ના લીસ્ટથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૧) નિ. ૧૧/૧થી મોજે ગામ કોરા, તા.જંબુસર, જી. ભરુચની વસ્તી મધ્યે ગ્રામ પંચાયત મિલ્કત અનુક્રમ નં. ૭૧, મિ. પ્રો. નં. ૭૧ની આકારણીની નકલ,

(૫) વાદી તરફથી તેમના વિ.વ.શ્રી જી. એસ. પટેલ તથા પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રીની જે. એ. મિસ્ત્રીની મૌખિક દલીલો સાંભળી ધ્યાનમાં લેવામાં આવેલ છે.

*(૬) પક્ષકરોનાં ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલિલોના* સાથે નામ. સર્વોચ્ચ અદાલતના Maria Margadia Sequeria .vs Erasmo Jack De Sequeria (D)...on 21 March, 2012 'REPORTABLE' IN THE SUPREME COURT OF INDIA CIVIL APPEAL NO. 2968 OF 2012 આધારે મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?
(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?
(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારમાં.
(૨) અંશતઃ હકારમાં.
(૩) અંશતઃ હકારમાં.
(૪) આખરી હુકમ મુજબ

## :કારણો:

**<u>મુદ્દા નં.૧ થી ૩ :</u>**

(૮) ઉપરોકત ત્રણેય મુદ્દાઓનાં નિર્ણય અને ચર્ચા હકીકતોનું પુનરાવર્તન ના થાય તે માટે એકસાથે કરવામાં આવે છે.

(૯) એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજીથી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે, જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે. આમ છતા ,આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતોને ઘ્યાને લેવાના રહે છે. એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ઘ્વારા તેનો ગેરકાયદેસર રીતે થતો ભંગ પ્રથમ દર્શનિય રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમદર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ઘ્યાનમા રાખવી જરૂરી બને છે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ઘ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરૂ છું.

(૧૦) આ કામે વાદી તરફે તેમની દાવા અરજીમાં માંગેલ દાદ જોઈએ તો વાદીએ તેમની દાવા અરીજીમાં પેરા–૭(બ)માં એવી દાદ માંગેલ છે કે, દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓ જાતે કે તેના ઘરના માણસો મારફતે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે–કરાવે નહિ તેવો જાથુનો મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુઘ્ધ ફરમાવશોજી. જયારે વાદીએ આંક–પની દરમ્યાન મનાઈ અરજીમાં પેરા–૭(અ)માં એવી દાદ માંગેલ

છે કે, અરજીવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓ જાતે કે તેના ઘરના માણસો મારફતે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે–કરાવે નહિ તેવો દરમ્યાન મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુઘ્ઘ ફરમાવશોજી. આમ વાદીએ દાવા અરજી તથા મનાઈ અરજીમાં એકસરખી દાદ માંગેલ છે અને મનાઈ અરજીના નિર્ણયની સાથે સાથે દાવાનો પણ નિર્ણય થઈ જાય તેમ છે, પરંતુ હાલમાં દાવાવાળી મિલ્કતની યથાવત્ર પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે તેવું હું માનું છું. વધુમાં વાદીએ નિ. ૩/૧થી રજુ કરેલ ગામ નમુના નં. ૮મા દાવાવાળી મિલ્કત વાદીના પિતાના નામે ચાલે છે અને તેમાં વાદીના ગભાણની લંબાઈ–પહોળાઈ જણાવવામાં આવેલ નથી. જેથી હું મુદ્રા નં. ૧થી ૩નો જવાબમાં અંશતઃ હકારમાં આપું છું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

***: હુકમ :***

*(૧)* વાદીની સદરહું આંક–૫ની દરમ્યાન મનાઈ અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીની મિલ્કત પ્રોપર્ટી નં. ૬૭ના ખુલ્લા ગભાણમાં આ કામના પ્રતિવાદીઓ પ્રવેશ કરે–કરાવે નહિ તેવો દાવા દરમ્યાન કામચલાઉ મનાઈહુકમ ફરમાવવામાં આવે છે.

(૩) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ– ૨૩મી માહે–ફેબ્રુઆરી– સને–૨૦૧૭ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**Date : 23/02/2017**
**Place : JAMBUSAR**

**Mr. H. S. WALIA**
**GJ001427**
**2nd Additional Civil Judge &**
**J. M. F.C., Jambusar, Dst. Bharuch.**